PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૯/કવા–૦૨/૧૭–૧૮/ ૭૦૬૬ તા. ૨૮/૦૮/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શૈલેષભાઈ નટવરભાઈ તુરખીયા,
૨૦૨– અવધ એપાર્ટમેન્ટ,
પંચવટી મેઈન રોડ,
જૈન દેરાસર સામે
રાજકોટ
મો: ૯૮૨૫૫ ૨૩૫૯૬

વિષય :–સીગલ ફેઇઝ જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૯/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી નં.–૧, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

/ No:. 02 / A /

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૯/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૪–૦૮–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: શૈલેષભાઈ નટવરભાઈ તુરખીયા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે પ્રવિણભાઈ નાનજીભાઈ માકાસણા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી નં.–૧, મોરબી (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)**

**રજુઆત કરનાર :આર.સી.પટેલ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, મોરબી)**

## : હુકમ :

**ફરીયાદ : સીગલ ફેઈઝ જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓ શ્રી એ, મોરબી શહેર પેટા વિભાગીય કચેરી નં.–૧ હેઠળ આવતા વિસ્તાર એવા, સર્વે નંબર ૧૧૪૧ ના પ્લોટ નં–૧ અને ૨ મા, બાંધકામ કરાયેલ એવી ૪૦ કોમર્શીયલ દુકાનો મા – સીગલ ફેઈઝ વાણીજય વીજજોડાણો મેળવવા માટે તા.૧૧–૦૮–૧૬ ના રોજ વિધીસર ની અરજીઓ સાથે તમામ દસ્તાવેજીક પેપર્સ રજુ કરી આપેલ હોવા છતા, આજદિન સુધી સદર ૪૦ અરજી નુ, પારસ એન્ટરપ્રાઈઝ ના નામે, પ્રત્યેક અરજીઓનુ રજીસ્ટ્રેશન ન થયેલ હોવાના કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી એ, મોરબી શહેર પેટા વિભાગીય કચેરી નં.–૧ હેઠળ આવતા વિસ્તાર એવા, સર્વે નંબર ૧૧૪૧ ના પ્લોટ નં–૧ અને ૨, જે જીઆઈડીસી ની સામે શનાળા રોડ મોરબી ખાતે આવેલ એવી જમીન પર, ''પારસ એન્ટરપ્રાઈઝ – C/O, રજની પ્લાઝા '' – જે વાણીજય હેતુ માટે ના ૦૪ માળ ના બીલડીંગ મા, કુલ ૪૦ / ૪૨ કોમર્શીયલ દુકાનો / ઓફિસો મા – સીગલ ફેઈઝ વાણીજય વીજજોડાણો મેળવવા માટે તા.૧૧–૦૮–૧૬ ના રોજ, એકજ દસ્તાવેજ રજુ કરીને, એક જ ગ્રાહક ના નામ પર ની વિધીસર ની અરજીઓ સાથે તમામ દસ્તાવેજીક પેપર્સ રજુ કરેલ છે. આ અરજીઓ સાથે, '' સ્થાનીક સતાધીશ દ્વારા મંજુર કરાયેલ – બાંધકામ નો પ્લાન / નકશો – તેમજ બાંધકામ ની રજાચીઠ્ઠી – કમ્પ્લીશન સર્ટીફીકેટ '' રજુ કરાયેલ નથી. આવા કારણોસર, જે તે સમયે, ''એક જ દસ્તાવેજ પર એક જ નામના, માંગણી મુજબ ના જોડાણો આપવાની કાર્યવાહી થયેલ ન હતી. '' |
| ૨.૨ | આમ, ઉપરોક્ત મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે ની અરજી મા – ખાસ કરીને, (૧) સ્થાનીક સતાધીશ દ્વારા મંજુર કરાયેલ – બાંધકામ નો પ્લાન / નકશો – તેમજ બાંધકામ ની રજાચીઠ્ઠી – કમ્પ્લીશન સર્ટીફીકેટ (૨) તથા સદર ૪૦ / ૪૨ કોમર્શીયલ દુકાનો / ઓફિસો, જે અલગ – અલગ વ્યકિતઓને વેચાણ આપેલ હોય, તે મુજબ ના વેચાણ કરાર અથવા તો લીઝ એગ્રીમેન્ટ / ભાડાકરાર વગેરે – ઘટતા દસ્તાવેજીક પેપર્સ, અરજદાર તરફથી રજુ થયા બાદ તેમની માંગણી મુજબ ના સદર વાણીજય બીલડીંગ મા, નવા વાણીજય / વ્યપારીક હેતુ ના, સીગલ ફેઈઝ વીજજોડાણો આપવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે. તે મુજબ નો અભિપ્રાય ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપુર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ના, માંગણી મુજબ ના, વાણીજય બીલ્ડીગ મા, માંગણી કરાયેલ કુલ ૪૦ / ૪૨, દુકાનો / ઓફિસો મા, નવા સીગલ ફેઇઝ વાણીજય વીજજોડાણો મેળવવા માટે ની, અરજદાર શ્રી ની સદર ૪૦ / ૪૨ અરજીઓ મા, ખાસ કરીને (૧) સ્થાનીક સતાધીશ ( નગર પાલીકા / મહાં નગર પાલીકા) દ્વારા, સદર વાણીજય બીલ્ડીગ નો મંજુર કરાયેલ એવો, બાંધકામ પ્લાન તથા મંજુર કરાયેલ નકશો – તેમજ બાંધકામ ની રજાચીઠ્ઠી – અને બાંધકામ પુર્ણ થયેલ હોય તો કંમ્પલીશન સર્ટફીકેટ (૨) સદર બીલ્ડીગ ના મંજુર કરાયેલ એવા સદર પ્લાન / નકશા મા, પ્રત્યેક માળ ની પ્રત્યેક ઓફિસ / દુકાન, તેમજ પ્રત્યેક માળ પર તેમ જ પ્રત્યેક ઓફિસ મા જવા માટે નો, અલગ – અલગ એવો અલાયદો દાદરો / દરવાજો – જે પ્રત્યેક ઓફિસ / દુકાન માટે ની – સ્વતંત્ર લીગલ એન્ટીટી માટે – આવશ્યક હોય – આ મુજબ ની સુવ્યવસ્થિત સ્થિતી દર્શાવતો બીલ્ડીગ પ્લાન / નકશો (૨) તથા સદર ૪૦ / ૪૨ કોમર્શીયલ દુકાનો / ઓફિસો જે અલગ – અલગ વ્યકિતઓને વેચાણ આપેલ હોય / અથવા તો લીઝ પર આપેલ હોય / અથવા તો ભાડા પર આપેલ હોય – તો તે પ્રમાણે ની તમામ ઓફિસ / દુકાનો નુ – વેચાણ કરાર / લીઝ એગ્રીમેન્ટ / ભાડાકરાર વગેરે – નિયમાધીન રીતે ઘટતા દસ્તાવેજીક પેપર્સ – વગેરે, જે અરજદાર શ્રી ની સદર અરજીઓ મા ઘટતા હોય – અરજદાર પક્ષકાર તરફથી સદર ઘટતા દસ્તાવેજીક પેપર્સ – પીજીવીસીએલ મા રજુ થયા બાદ, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સદર વાણીજય બીલ્ડીગ મા, નવા વાણીજય / વ્યપારીક હેતુ ના – સીગલ ફેઇઝ વીજજોડાણો – જે પીજીવીસીએલ તરફથી, આપવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે. તે મુજબ ની, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u>

<u>**હુકમ**</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની સવાલવાળી અરજી મા, વીજકંપની ના નિયમાધીન અંતર્ગત ના, દસ્તાવેજીક પેપર્સ, જે અરજદાર શ્રી ની સદર અરજીઓ મા ઘટતા હોય – અરજદાર પક્ષકાર તરફથી સદર ઘટતા દસ્તાવેજીક પેપર્સ, પીજીવીસીએલ મા રજુ થયા બાદ, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના સદર વાણીજય બીલ્ડીગ મા, નવા વાણીજય / વ્યપારીક હેતુ ના – સીગલ ફેઇઝ વીજજોડાણો – જે પીજીવીસીએલ તરફથી, આપવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે. તે મુજબ ની, અરજદાર શ્રી ને જાણકારી આપવાનો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમ ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\A JUDGEMENT FOLDER\17 MAR 17\RURAL RAJKOT.doc